જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૧ /૧૦/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૨૮/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૧૬૯ લીટર દેશી દારૂ, ૧૦૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૭૩૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫૭૦ બિયર ટીન અને ૦૫ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૪૨૯/૨૦૨૬૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

તાજી જન્મેલ મૃત બાળકી મળી આવીઃ– **સમાચાર યાદી નં.૧૪૩૦/૨૦૨૬**

સરખેજઃ સરખેજ ઉજાલા સર્કલ પાસે આરંભ ફલેટ ની પુર્વે તરફ ના ખુલ્લા ખેતરમા તા.૧૦/૧૦/૨૦૨૬ સાંજના ૬/૩૦ વાગ્યા પહેલા ત્યજી દિધેલ તાજી જન્મેલી બાળકી મૃત હાલતમાં સરખેજ પોલીસને મળી આવતા સરખેજ પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આર.ચૌધરી ચલાવે છે.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૩૧/૨૦૨૬**

ક્રાઈમ બ્રાંચઃ દિનેશભાઈ દલજીભાઈ ચૌહાણ (રહે,ગજરા કોલોની સુખરામનગર પાણીની ટાંકી પાસે, ગોમતીપુર) એ તા.૧૦/૧૦/૨૦૨૬ ના રોજ ક્રાઈમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે મે/૨૦૨૨ થી તા.૨૦/૦૩/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે આરોપી (૧) પ્રવીણભાઈ વાલજીભાઈ લેઉવા (૨) કલાબેન વા/ઓ પ્રવીણભાઈ લેઉવા તથા તેમનો દિકરો રહે, ગુજરાત હાઉસિંગ બોર્ડના મકાનમાં, કિર્તીચોક, બાપુનગર) (૩) ક્રિષ્ના પ્રવિણભાઈ લેઉવા તથા પ્રવિણભાઈનો સાળો (૪) જયકરભાઈ બાબુલાલ પરમાર (ઉ.વ.૪૩)(રહે,શાસ્ત્રીનગર, ઉમંગ ફ્લેટ સામે, બાપુનગર) નાઓએ ભેગામળી દિનેશભાઈ ચૌહાણ પાસેથી "શ્રીચામુંડા માતાજી મિત્ર મંડળ" માં બચતના નામે તથા રોકાણના નામે ટુંકાગાળામાં રૂપિયા ડબલ કરી આપવાની લાલચ આપી, દિનેશભાઈ તથા સાહેદ બાલુબેન નાઓ પાસેથી કુલ રૂપિયા ૪૬,૨૩,૪૦૦/– મેળવી લઈ રૂપિયા પરત નહી આપી ઓફીસ બંધ કરી નાસી જઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં.૧૪૩૨/૨૦૨૬**

શહેરકોટડાઃ જયસિંહ સુરેશસિંહ ઠાકોર (રહે,ગાભાજી મંગાજીની ચાલી, અનિલ સ્ટાર્ચ મિલ રોડ, સરસપુર) એ તા.૧૦/૧૦/૨૦૨૬ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૭/૧૦/૨૦૨૬ રાતના ૮/૩૦ થી તા.૦૮/૧૦/૨૦૨૬ કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યકિત મકાનમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના–ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૨,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૩,૫૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી ગોસ્વામી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૩૩/૨૦૨૬**

વટવાઃ વિંઝોલ ક્રોસિંગ રોડ મહાદેવ મંદિર પાછળ રેલવે કોલોની છાપરામાં રહેતા અને ત્યાંજ પાણીની ટાંકીનુ કામ કરતા ગનીયા ભુના બામનીયા (ઉ.વ.૪૧)(મૂળ વતન: ગામ–સનદા પુજરીયા ફળિયાખાના આઝાદનગર ભાભરા જી.અલીરાજપુર, મધ્યપ્રદેશ) તા.૧૦/૧૦/૨૦૨૬ સવારના ૦૯/૦૦ વાગ્યાના સુમારે પાણીની ટાંકી ઉપર પાલક (સીડી) બાંધી કામ કરતા હતા ત્યારે અચાનક તેમનો પગ સ્લીપ થઈ જતા પાણીની ટાંકી ઉપરથી નીચે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૧/૫૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામદેવસિંહ ચતુરસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૪૩૪/૨૦૨૬**

રખિયાલઃ વિમલાદેવી વા/ઓ લક્ષ્મન પ્રજાપતી (ઉ.વ.૪૦)(રહે.લાલા ભુરાલાલભાઈની ચાલી કોટક મહીંન્દ્રા બેંક સામે નાગરવેલ રોડ રખિયાલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૬ સવારના ૬/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુક સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ટાંક ચલાવે છે.

ખોખરાઃ ભાવનાબેન વા/ઓ ચિરાગભાઈ વાઘેલા (ઉ.વ.૨૫)(રહે. શેરે પંજાબ હોટલ પાસે, મ્યુનિસિપલ સ્કૂલ સામે ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૭/૧૦/૨૦૨૬ કલાક ૩/૩૦ થી ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી આગ લગાવતા શરીરે ગંભીર રીતે દાઝી જતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલ દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૧૦/૨૦૨૬ સવારના ૬/૪૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ ભાવનાબેન ને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જી.ભૂવા ચલાવે છે.

દાણીલીમડાઃ આરીફ યુસુફભાઇ કુરેશી (ઉ.વ.૫૪)(રહે, કિર્તીકુંજ સોસાયટી, વાલાની એસ્ટેટ, ગાયત્રી સ્કુલની બાજુમાં, શાહઆલમ, ટોલનાકા, દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૦/૨૦૨૬ સાંજના ૪/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ભરતભાઇ ભલાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી